જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૭/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૬૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૨૦ લીટર દેશી દારૂ, ૨૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૨૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૩ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૪,૮૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૭૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૭૧/૨૦૨૫**

ક્રાઇમ બ્રાંચઃ નિકુંજભાઇ મહેન્દ્રભાઇ દવે (ઉ.વ.૩૫)(રહે.ઓમ શાંતી ગોલ્ડ પ્લસ, કર્ણાવતી–૧ પાસે, લાંભા વટવા રોડ લાંભા) એ તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૫/૨૦૧૯ થી તા.૧૫/૦૩/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન ડી.કે.વિઅર હાઉસ પીપળજ પીરાણા રોડ સૈજપુર ગામ, ગોપાલપુર ખાતે આરોપી "બેસ્ટ પોલીકેમ પ્રા.લી." ના ડાયરેક્ટરો (૧) ગંગા પ્રસાદ શુક્લા (૨) સલીલ સ/ઓ સંજીવભાઈ ધવન (૩) સિતારામ (તમામ રહે.શ્યામ બ્લોક, કૈલાશનગર, ન્યુ દિલ્હી) અને (૪) "શેષ એન્ટર પ્રાઇઝ" ના માલીક સંજીવ ધવન (રહે.મેઇન રોડ કૈલાશનગર ઇસ્ટ દિલ્હી, હાલ રહે. ઇમાર ડીઝીટલ ગ્રીંસ ગોલ્ફ કોર્સ એક્ષટેંશન રોડ, સેક્ટર–૬૧, ગુડગાવ હરીયાણા) એ ભેગા મળી અલગ–અલગ કંપનીઓમા નિકુંજભાઇ દવેનો ડેનિમ ફેબ્રિક્સનો માલ ખરીદ કરી તેનુ પેમેન્ટ ૩૦ દિવસમાં ચુકવી આપવાની ખાતરી આપી વિશ્વાસમાં લઇ, માલના નાણાં ૧,૭૬,૨૬,૯૫૬/– તથા ડેબીટ નોટના રૂપિયા ૧,૦૩,૮૬૦/– મળી કુલ રૂપિયા ૧,૭૭,૩૦,૮૧૬/– અવાર–નવાર માંગણી કરવા છતાં નહી ચુકવી નિકુંજભાઇ દવે સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ આર્થિક ગુના નિવારણ શાખા પો.ઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

ખોખરાઃ અલ્પેશકુમાર સ/ઓ સુખમલભાઈ શાહ (ઉ.વ.૪૯) (રહે. દીપ ચંદન એપાર્ટમેન્ટ ગોપાલ ટાવર સામે મણિનગર) એ તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૫ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે અલ્પેશકુમારની દુકાનમા કામ કરતા મીતને રોકડ રૂપિયા ત્રણ લાખ બેન્ક ઓફ બરોડાના એકાઉન્ટમાં જમા કરાવવા આપ્યા હતા. જેથી મીત રૂપિયા જમા કરાવવા સારૂં ખોખરા સર્કલ ખાતે આવેલ બેન્ક ઓફ બરોડા બેન્કમાં જઈ પૈસા ભરવા લાઈનમાં ઉભો હતો ત્યારે બેંકમા લાઈનમાં ઉભા રહેલ બે પુરૂષોએ મીતને જણાવેલ કે તુ અમને રોકડ રૂપિયા૩૦,૦૦૦/– આપ અમે તારા એકાઉન્ટમા ઓનલાઈન પૈસા આપીએ તેમ કહેતા મીતે તેની પાસેના ત્રણ લાખ રૂપિયામાંથી રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– તેઓને આપ્યા હતા. ત્યારબાદ બેંકની બહાર જઈ તે પૈકી એક પુરૂષે મીતને જણાવેલ કે "હું આને હોસ્પીટલ મુકીને આવુ છું ત્યારપછી તારા એકાઉન્ટમાં પૈસા નાખી દઈશ" તેમ કહી બંન્ને પુરૂષો રૂપિયા ૩૦,૦૦૦/– લઈ જતા રહી રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર નહીં કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.સી.પરમાર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૯૭૨/૨૦૨૫**

નિકોલઃ પ્રિતેશભાઇ સુર્યકાંતભાઇ પરીખ (રહે. કંચન બંગલો નુતન પાટીદાર સોસાયટી જવાહરચોક મણીનગર) એ તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રસપાન આર્કેડમાં પ્રિતેશભાઇ પરીખનાઓની દુકાન નંબર–૦૭,૦૮,૦૯ ખાતે કામ કરતા આરોપી (૧) કુલદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા (રહે. ત્રીપદા સોસાયટી ગોળનો કુવો ચેહર માતાના મંદિરની બાજુમાં મણીનગર, મુળ વતન.ગામ–આરીખાના તા–અબડાસા જી–કચ્છ) અને (૨) મયંકસિંહ જીતેન્દ્રસિંહ ઝાલા (રહે. દેવનાથ રેસીડેન્સી નવા નરોડા, મુળ વતન. ગામ–ચચાના તા–ચુડા જી–સુરેન્દ્રનગર) એ ભેગા મળી તા.૦૩/૦૭/૨૦૨૫ પહેલા કોઇપણ સમયે પ્રિતેશભાઇ પરીખની દુકાનમાંથી એપલ આઇફોન નંગ–૮૫ કિમત રૂપિયા ૮૫,૯૧,૫૦૦/–, એપલ મેકબુક નંગ–૦૭ કિમત રૂપિયા ૮,૯૯,૩૦૦/–, એપલ આઇપેડ નંગ–૦૧ કિમત રૂપિયા ૩૪,૯૦૦/–, એપલ એસેસીરીઝ નંગ–૧૮ કિમત રૂપિયા ૫૨,૧૦૦/– તથા રોકડ રૂપિયા ૬,૬૬,૫૯૦/– મળી કુલ રૂપિયા ૧,૦૨,૪૪,૩૯૦/– મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઈ ગયાઃ– **સમાચાર ચાદી નં.૯૭૩/૨૦૨૫**

રામોલઃ ઇન્દ્રાસનીદેવી કનૈયાલાલ જયસ્વાલ (ઉ.વ.૮૦)(રહે.પ્રહલાદ પાર્ક સોસાયટી શારદાબા સ્કુલ પાસે ન્યુ આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૭/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઇન્દ્રાસનીદેવીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૮૦,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૯૭૪/૨૦૨૫**

નિકોલઃ નિકોલ એસ.પી.રીંગ રોડ સીલીકોન ટાવર નવી બનતી સાઇટ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા આનંદકુમાર ભેમા રોત (ઉ.વ.૨૭) (મુળ વતન. નવાપાદર તા.સાગવાડા જી.ડુંગરપુર રાજસ્થાન) તા.૧૫/૦૭/૨૦૨૫ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે સાઇટ ખાતે 'બી' બ્લોકના ત્રીજા માળે ટાઇલ્સ ફીટીંગનું કામ કરતા હતા દરમ્યાન આનંદકુમાર નાઓ પાણી પીવા માટે નીચે પહેલા માળે જતાં, પહેલા માળની સીડી પરથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને નિકોલ અનંતા હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રી.એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રકુમાર ગણપતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૯૭૫/૨૦૨૫**

સાબરમતીઃ હર્ષાબહેન રમેશભાઇ રાઠોડ (ઉ.વ.૩૧)(રહે.રત્ન ટાવર દુધિયા ડેરી પાસે ન્યુ રાણીપ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૫ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ડી.આર.પટેલ ચલાવે છે.

બોડકદેવઃ બૈજુકુમાર લાલજીભાઈ ચુડાસમાં (ઉ.વ.૫૪)(રહે.ચાણક્ય એપાર્ટમેન્ટ યુનીક આસીયાની બાજુમાં જગતપુર રોડ ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા ઝાયડસ હોસ્પીટલ સામે બ્રીજની નીચે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૬/૨૦૨૫ બપોરના ૨/૨૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિર્મલકુમાર ઈશ્વરભાઈ ચલાવે છે.

શાહીબાગઃ વિશાલ સ/ઓ રણછોડભારથી ગૌસ્વામી (ઉ.વ ૨૭)(રહે.આદર્શ સોસાયટી હરીપુરા રોડ પ્રભુનગર સર્કલ પાસે અસારવા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં તાર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.ડી.રહેવર ચલાવે છે.

ખોખરાઃ વિરલભાઇ જયેશભાઈ જાદવાણી (ઉ.વ.૩૫) (રહે.વિભાગ–૦૨, લક્ષ્મીનાયણ સોસાયટી ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૭/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ભુવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી